ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૪૧.૦ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૭ ટકા ● સાંજે ૩૬ ટકા




જિલ્લા ટ્રાફીક પોલીસે મુખ્ય માર્ગો ઉપર ચેકીંગ હાથ ધરી ટ્રાફીક ઝુંબેશ ચલાવી હતી. સીટ બેલ્ટ, હેલ્મેટ પહેર્યા વગર ફરતા વાહનચાલકો, ચાલુ વાહને મોબાઈલ પર વાત કરતા વાહનચાલકો, ડાર્ક ફિલ્મ લગાવીને ફરતા કારચાલકો તથા ફેન્સી નંબર પ્લેટ રાખીને ફરતા વાહનચાલકોને પકડીને તેમની પાસેથી દંડની વસુલાત કરવામાં આવી હતી. ટ્રાફીક પી.આઈ. બી.જે. વ્યાસે તેમની ટીમ સાથે હાથ ધરેલી આ ઝુંબેશ આવનાર દિવસોમાં વધુ સઘન બનાવવામાં આવશે તેમ જણાવ્યું છે.

# આજથી શહેરમાં વડીલોને ઘરે બેઠા સારવાર

## ૭૦ વર્ષથી વધુ વયના વડીલોને સરકારની આ યોજનાનો લાભ મળશે, ટુંક સમયમાં વડીલોને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે ઈ હેલ્થ કાર્ડ આપવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર શહેરમાં ૭૦ વર્ષ કે તેથી વધુ વયના એકાંકી જીવન જીવતા વડીલોને આરોગ્ય વિભાગ દ્વારા ઘરે બેઠા સારવાર આપવામાં આવશે. આ પાયલોટ પ્રોજેકટનો ગાંધીનગર સિવિલથી આજે સવારે ૯ કલાકથી પ્રારંભ થશે. તમામ વડીલોનું સિસ્ટેમીક એકઝામીનેશન કરવામાં આવશે. શહેરમાં ૧૭ વડીલોએ આ યોજનાના ફોર્મ ભર્યા છે. જેમાં સૌથી વધુ ૮ સેકટરના વડીલોનો સમાવેશ થાય છે. આ યોજના અંતર્ગત માત્ર રૂ.૧ હજારમાં ૧૨ માસ સુધી મહિનામાં બે વાર ડોકટર ઘરે આવીને આરોગ્યની ચકાસણી કરશે.જયારે રજીસ્ટર થયેલા વડીલોની અચાનક તબિયત બગડે તો ફોન કરતા જ ડોકટર ઘરે વિઝિટ માટે આવશે.આ વધારાની આકસ્મિક વિઝિટનો લાભ રૂ.૨૦૦ ના ચાર્જ સાથે મેળવી શકાશે. પ્રારંભિક તબક્કે ગાંધીનગરમાં શરુ કરાયેલા આ યોજના સફળ અને ઉપયોગી નીવડશે તો આ પ્રોજેકટ સમગ્ર રાજયમાં અમલ કરવામાં આવશે. આ યોજનાનો લાભ લેવા માટે વડીલોને ગાંધીનગર સિવિલ તેમજ હોસ્પિટલ એપોઈન્ટમેન્ટ. ગુજરાત. જીઓવી. ઈન પરથી ફોર્મ ભરી શકાય છે. હજુ પણ આ યોજનાના ફોર્મ વડીલો ગાંધીનગર સિવિલમાંથી મેળવી શકે છે.

● આ પાયલોટ પ્રોજેકટ પ્રારંભિક તબક્કે માત્ર ગાંધીનગરમાં શરુ થશે ત્યારબાદ પુરા રાજયમાં તે તબક્કાવાર લાગુ કરાશે.

●●●

● વડીલોની તપાસ કરવા માટે ડોક્ટર પોતાની સાથે બી.પી.માપવાનું મશીન, ઈ.સી.જી. મશીન, ઈન્હેલર, વજન કાંટો, ટોર્ચ, ગ્લુકોમીટર, થર્મોમીટર, પલ્સ મીટર, તથા વયસ્કો માટે ઉંમર સંબંધિત તકલીફો માટેની વિવિધ ૧૦ પ્રકારની દવાઓ સાથે લઈને જશે. જેથી વડીલને તાત્કાલીક સારવાર સમયસર મળી રહે. જયારે મેડીકલ ટીમમાં ડોક્ટર, નર્સ તેમજ એક એટેન્ડન્ટ સાથે રહેશે.

●●●

● આ યોજના અંતર્ગત વડીલોને ઈ કાર્ડ અને બુકલેટ આપવામાં આવશે. જેમાં વિઝીટીંગ ડોક્ટર પોતાના ઓબ્ઝર્વેશનની નોંધ કરશે. જેથી ચેકીંગ દરમિયાન દર્દીની હિસ્ટ્રી જાણી શકાય.

## @ગાંધીનગર

● એન.એચ.એમ. ભવન સિવિલ હોસ્પિટલ કેમ્પસ, સેકટર-૧૨, ગાંધીનગર ખાતે રકતદાન શિબિર સવારે ૯ થી ૩ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીજી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે સાંજે ૬.૩૦ કલાકે ૧૦૧ પેટી કેરીનો મનોરથ યોજાશે.

# શ્રમ રોજગાર વિભાગના વાહન ચાલક વય નિવૃત્ત થયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર સચિવાલય શ્રમ અને રોજગાર વિભાગમાં વાહનચાલક તરીકે ફરજ બજાવતા પ્રવિણસિંહ પથુસિંહ વાઘેલા આજે વય નિવૃત્તિના કારણે નિવૃત્ત થયા હતા. નિવૃત્ત થતા પ્રવિણસિંહને કચેરીના સહકર્મી અને સ્ટાફ દ્વારા શાનદાર વિદાય આપવામાં આવી હતી. નિવૃત્ત થનાર વાઘેલાની સેવા અને નિષ્ઠાને બિરદાવી કચેરીના અધિકારીઓએ તંદુરસ્ત જીવન પસાર થાય તેવી શુભેચ્છાઓ આપી હતી.

# ન્યુ ગાંધીનગર અને સે-૧થી ૬માં કોમ્યુનિટી હોલ બનાવવા માંગ

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગર શહેરના સેકટર-૧ થી ૬ અને ન્યુ ગાંધીનગર એરિયામાં અનેક સોસાયટીઓ આકાર પામી રહી છે. પરંતુ આ વિસ્તારમાં રંગમંચ કે લગ્નવાડી ન હોવાથી રહીશોએ પ્રસંગોપાત જુના સેકટરોમાં સ્થિત લગ્નવાડી કે રંગમંચનો સહારો લેવો પડે છે ત્યારે તંત્ર આ વિસ્તારમાં લગ્નવાડી કે રંગમંચ ઉભો કરે તેવી માંગ સેકટર-૨ વસાહત મંડળ દ્વારા કરવામાં આવી છે.

ગાંધીનગર શહેરના સેકટર-૧ થી ૬ અને નવ વિકસીત ન્યુ ગાંધીનગરમાં મોટા પ્રમાણમાં માનવ વસાહત ઉભી થઈ રહી છે. આ વિસ્તારમાં અંદાજે ૨૦હજાર જેટલા પરિવારો રહે છે ત્યારે આ વિસ્તારમાં સામાજીક સારા-નરસા પ્રસંગો માટે કોઈ કોમ્યુનીટી હોલ કે લગ્નવાડી જેવી સુવિધાઓ રહીશોને મળતી નથી. આથી ગાંધીનગર શહેરના જૂના સેકટરોમાં સ્થિત લગ્નવાડી કે રંગમંચનો આશરો લેવો પડે છે. વળી ત્યાં પણ ત્રણ માસ અગાઉ બુકીંગ કરી ડ્રો કરવામાં આવે છે ત્યારે સરખી તારીખોના પ્રસંગો હોવાને કારણે કેટલીકવાર આ રંગમંચ કે વાડી મળતી નથી. પરીણામે રહીશોએ પ્રસંગે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કરવી પડે છે જેથી ઘણી મુશ્કેલીઓ વેઠવાનો વારો આવે છે. આ સંજોગોમાં સ્થાનિક તંત્ર દ્વારા આ વિસ્તારમાં લગ્નવાડી કે રંગમંચ બનાવવામાં આવે તેવી ગાંધીનગર સેકટર-૨ વસાહત મંડળ દ્વારા માંગ કરવામાં આવી રહી છે.



ધો-૧૦ અને ધો-૧૨ બોર્ડની પરીક્ષાના પરિણામના દિવસે પોલીસની જીવન આસ્થાની ટીમ અને કોલેજના વિદ્યાર્થીઓની એક ટીમે કેનાલની ફરતે પહેરો ગોઠવી દીધો હતો. નબળા પરિણામથી આપઘાત કરવા કેનાલ તરફ દોડી આવતા વિદ્યાર્થીઓને અટકાવી તેનું કાઉન્સીલીંગ કરી વિદ્યાર્થીઓના જીવ બચાવવાના આ પ્રયાસને ગાંધીનગર જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે બિરદાવ્યું છે. આ ટીમને વિરેન્દ્રસિંહ યાદવે પ્રસંશનીય કામગીરી બદલ પ્રમાણપત્ર આપ્યા હતા.

# ૭મીએ સ્વર્ણિમ સ્પોર્ટસ યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

શહેરના સેકટર-૧૫માં સ્થિત સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીનો પ્રથમ પદવીદાન સમારંભ ૭મી જૂને મહાત્મા મંદિર ખાતે યોજાશે.

સ્પોર્ટસ યુનિવર્સિટીનો પદવીદાન સમારંભ ૭મી જૂન ૨૦૧૮ને ગુરુવાર સવારે ૯.૩૦ કલાકે સેમિનાર હોલ-૧ મહાત્મા મંદિર ગાંધીનગર ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં મુખ્ય મહમાન પદે રાજયકક્ષાના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના મંત્રી ઈશ્વરસિંહ પટેલ ખાસ ઉપસ્થિત રહેશે. સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન વિવિધ કાર્યક્રમ યોજાશે તેમ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર ડૉ. ડી.ડી. કાપડીયાએ જણાવ્યું હતું.

# દહેગામના સામેત્રી ગામે વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો






ગાંધીનગર, તા.૩૧

કામધેનુ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા આજરોજ દહેગામના સામેત્રી ગામે એક દિવસીય વૈજ્ઞાનિક પશુપાલન પ્રશિક્ષણ કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પશુપાલક મહિલાઓને પશુ પ્રજનન, પશુ આહાર, પશુ વ્યવસ્થા અને માવજત વિષય ઉપર સવિશેષ માર્ગદર્શન પુરું પાડવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ડો.પી.એચ.વાટલીયા કુલપતિ કામધેનું યુનિવર્સિટી દ્વારા ગૌ પુજનથી કરવામાં આવ્યું હતું. અને મહિલા પશુપાલકોને વધુ દુધ ઉત્પાદન મેળવવા માટેના વિવિધ મુદ્દાઓની વિસ્તૃત માહિતી આપી હતી. વધુમાં તેમણે જણાવ્યું હતું કે પશુપાલન એ ગામડાઓમાં મહિલાઓના રોજગાર અને આર્થિક જીવાદોરી સમાન છે. આ કાર્યક્રમમાં સામેત્રી, સાંપા અને રખિયાલ ગામની આશરે ૨૦૦ થી વધુ મહિલાઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# વાવોલ પાસે નારાયણનગર ખાતે બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા

## ૯ તોલા સોનાના દાગીના સહીત તસ્કરો મકાનમાંથી રૂ. ૧.૪૩ લાખની મત્તા સાફ કરી ગયા

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરને અડીને આવેલા વાવોલ પાસે નારાયણનગર વિસ્તારમાં ગઈ રાત્રી દરમિયાન તસ્કર ટોળકી ત્રાટકી હતી. બંધ મકાનને ટાર્ગેટ બનાવી તસ્કરોએ મકાનમાંથી સોના ચાંદીના દાગીના તથા રોકડ રૂ. ૩ હજાર મળીને કુલ રૂ. ૧.૪૩ લાખની મત્તાની ચોરી કરી ત્યાંથી ફરાર થઈ ગયા હતા. સે-૭ પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી ઘટનાની તપાસ શરુ કરી છે.

નારાયણનગર ખાતે ડી-૧ નંબરના મકાનમાં રહેતા દિનેશભાઈ પ્રભાતભાઈ રબારી મધુર ડેરીનું ટેન્કર ચલાવે છે. ગઈ કાલે તેમના પરિવારના સભ્યો મહેસાણા જિલ્લામાં આવેલા તેમના ગામમાં સામાજીક કામે ગયા હતા. દિનેશભાઈ નોકરીએ ગયા હતા અને રાત્રે મધુર ડેરીમાં જ સુઈ ગયા હતા. આજે સવારે ઘરે પરત આવ્યા ને જોયુ તો મકાનની જાળીનું તાળુ તુટેલુ હતું. અંદર સામાન વેરવિખેર પડયો હતો. તિજોરી તુટેલી હતી. તસ્કરોએ મકાનમાં ઘુસીને તિજોરીમાંથી પાંચ તોલાની સોનાની કંઠી બે તોલાની ચાર વીંટીઓ અને બે તોલાની ત્રણ બુટ્ટીઓ મળી ૯ તોલાના સોનાના દાગીના તથા પાંચ હજારની કિંમતના ચાંદીના દાગીના ઉપરાંત રોકડ રૂ. ૩ હજાર મળી કુલ રૂ. ૧૪૩ લાખની માલમત્તા ઉઠાવી તસ્કરો ફરાર થઈ ગયા હતા. દિનેશભાઈની ફરિયાદ લઈ સે-૭ પોલીસે ગુનો દાખલ કરી પીએસઆઈ ડી.ડી.ઝાલાએ વધુ તપાસ શરુ કરી છે.

# સે-૨૪ ઈન્દિરાનગરમાં નજીવી બાબતે મહિલાઓને પટ્ટાથી ફટકારી

## ઘર સામે એકટીવા ઉભુ રાખવા બાબતે થયેલી બોલાચાલી બાદ મારામારીના દ્દશ્યો સર્જાયા

ગાંધીનગર, તા.૩૧

શહેરના સેકટર-૨૪ ઈન્દીરાનગર ખાતે એક મકાનની સામે એકટીવા ઉભુ રાખવા જેવી નજીવી બાબતે ધમાલ થઈ ગઈ હતી. એકટીવા લઈને આવેલો શખ્સ એક યુવાનને માર મારી જતો રહ્યો હતો અને ત્યારબાદ અન્ય ચાર સાગરીતોને લઈને આવ્યો અને ઘરમાં રહેતી મહિલાઓ ઉપર પટ્ટાથી હુમલો કરતા અરેરાટી ફેલાઈ જવા પામી હતી. આ મારામારીની ઘટનામાં સામ સામે પોલીસ ફરીયાદ નોંધાવા પામી છે અને બે ઘાયલો સારવાર હેઠળ છે.

મળતી વિગતો મુજબ સેકટર-૨૪ ઈન્દીરાનગરમાં રહેતા સુનિલભાઈ સોલંકી મંગળવારે સાંજે પોતાના ઘરે જમી રહ્યા હતા. ત્યારે બહાર તેમના કાકા જગદીશભાઈ સાથે કોઈ બબાલ કરતું હોવાનો અવાજ આવતા તે બહાર દોડી ગયા હતા. બહાર એકટીવા લઈને આવેલા ઈદ્રીશ નામના શખ્સને અહીં એકટીવા ઉભુ નહીં રાખવા બાબતે કાકા સાથે ચકમક ઝરી હતી. સુનિલે ત્યાંથી એકટીવા લઈને જતું રહેવા ઈદ્રીશને કહેતા ઈદ્રીશે સુનિલ ઉપર હુમલો કર્યો હતો. સુનિલના કાકીએ ત્યાં આવીને છોડાવ્યો. ઈદ્રીશ કુરેશી ત્યાંથી નીકળી ગયો અને થોડી જ વારમાં મહંમદ કુરેશી તથા અન્ય બે સાગરીતોને લઈને પાછો આવ્યો હતો. ઈદ્રીશનું ઉપરાણું લઈને આવેલ ચાર શખ્સોએ સુનિલના કાકી સહિત બે મહિલાઓ ઉપર પટ્ટાથી હુમલો કર્યો હતો. સુનિલ વચ્ચે પડતા સુનિલ ઉપર પણ હુમલો કરતાં ગાંધીનગર અને ત્યાંથી અમદાવાદ સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવો પડયો હતો. આ મામલે સુનિલે ચાર શખ્સો સામે ગુનો દાખલ કરાવ્યો છે. જયારે મહંમદ કુરેશીએ ક્રોસ ફરિયાદ નોંધાવી છે.

# માઉન્ટ કાર્મેલ શાળાનું ગૌરવ

ગાંધીનગર, તા.૩૧

માર્ચ ૨૦૧૮માં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં માઉન્ટ કાર્મેલ શાળાની ક્રિષા જીતુભાઈ શાહે ૭૬ ટકા ગુણ મેળવ્યા હતા.



તાજેતરમાં રાજય સરકાર દ્વારા ધોરણ-૧૦ના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતા. જેમાં ગાંધીનગર શહેરની માઉન્ટ કાર્મેલ શાળાની વિદ્યાર્થીની ક્રિષા શાહે ૭૬ ટકા ગુણ સાથે ઉત્તીર્ણ થઈ છે. ક્રિષાની આ સિધ્ધી બદલ પરિવારજનો અને શાળા સંચાલકોએ અભિનંદન પાઠવ્યા હતા.

# યુગેટની પરીક્ષામાં ગાંધીનગરના વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠત્તમ પ્રદર્શન

ગાંધીનગર, તા.૩૧

ભારતભરની પ્રતિષ્ઠિત કોલેજોમાં ઈંટિગ્રેટેડ એમબીએ, બીબીએ, બીસીએ અને બીએચએમના કોર્ષમાં પ્રવેશ મેળવવા માટે ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા અંડર ગ્રેજયુએટ એડમીશન ટેસ્ટ લેવામાં આવે છે. આ ટેસ્ટ યુગેટ (યુજીએટી)નું પરિણામ તાજેતરમાં જાહેર થયું હતું. જેમાં ગાંધીનગરના કેરિયર લોન્ચર સંસ્થાના બે વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણ પ્રાપ્ત કરી પ્રતિષ્ઠિત કોલેજમાંથી એમબીએ કરવાનું પોતાનું સપનું સાકાર કર્યું છે.

ઓલ ઈન્ડિયા મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા લેવાતી અંડર ગ્રેજયુએટ એડમીશન ટેસ્ટમાં ગાંધીનગરના વિદ્યાર્થી યુગમ ભારદ્વાજે ૯૯.૯૭ અને તેના ભાઈ યુગલ ભારદ્વાજે ૯૯.૭૬ પર્સન્ટાઈલ પ્રાપ્ત કરીને ટોપર્સની યાદીમાં પોતાનું નામ નોંધાવ્યું હતું.




આજ યાદીમાં વિશ્વ પટેલ અને સમિહા યાદવે અનુક્રમે ૯૯.૫ અને ૯૯.૪૮ પર્સન્ટાઈલ પ્રાપ્ત કર્યા હતા અને સંસ્થાનું ગૌરવ વધાર્યું હતું.

સંસ્થાના શિક્ષિકા પરિધિ પરીખે પોતાના મંતવ્યમાં શહેર ગમે તેટલું નાનું હોય પણ સાચા માર્ગદર્શન અને કઠિન પરિશ્રમથી કોઈ પણ કાર્ય સરળ બની જાય છે અને પોતાના ધ્યેય સુધી પહોંચી શકીએ છીએ તેમ જણાવ્યું હતું અને સંસ્થાને ગૌરવ અપાવનાર વિદ્યાર્થીઓની પ્રશંસા કરી શુભેચ્છા પાઠવી હતી.

# ગાંધીનગરમાં પુસ્તક પરબ યોજાશે

ગાંધીનગર, તા.૩૧

ગાંધીનગરમાં છેલ્લા ઘણા વર્ષોથી દર મહિનાના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. ચાલુ માસની ૩જી જૂનના રોજ સવારના ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન ઘ-૪ સર્કલ ખાતે પુસ્તક પરબ યોજાશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગુજરાતીના ગૌરવનો અને સારા પુસ્તકોના વાંચનનો પ્રસાર કરવાનો છે. અત્યાર સુધીમાં ગુજરાતમાં ૧૫૮ જેટલા સ્થળોએ આવી પુસ્તક પરબ યોજાઈ છે. આ પુસ્તક પરબનો લાભ લેવા નગરજનોને તેમજ પુસ્તક પ્રેમીને દિશાંત ગર્ગે અનુરોધ કર્યો છે.

## ચિરવિદાય

- સ્વ. ઠાકોર ભૂપતસિંહ કલ્યાણસિંહ, ઉ.વ. ૫૮
- સ્વ. ધનજીભાઈ શકરાજી લુહાર, ઉ.વ. ૬૦
- સ્વ. દંતાણી સંજયભાઈ બાબુભાઈ, ઉ.વ. ૩૮

# સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ખાતે રોબોટીકસ સીમ્યુલેશન ટેકનોલોજી અંગે વર્કશોપ યોજાયો

ગાંધીનગર, તા.૩૧

ભાટ ખાતે આવેલી શ્રી સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી દ્વારા 'વન વીક' એડવાન્સ રોબોટીકસ અને સીમ્યુલેશન ટેકનોલોજી વિષય પર વર્કશોપ અને ટ્રેનીંગ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. ટેકનીકલ શિક્ષણમાં પગલા માંડનારા આજના યુવાનોને ટેકનોલોજી બાબતે અવગત કરાવવાના હેતુથી આ વર્કશોપ યોજાયો હતો. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા વાયર તેમજ વાયરલેસ રોબોટસ બનાવવામાં આવ્યા હતા.

ઉપરોકત વર્કશોપમાં આઈ.આઈ.ટી. બોમ્બે અને સ્વામિનારાયણ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી ભાટના સંયુકત ઉપક્રમે ડીઝાઈન કરવામાં આવેલી 'ઈ-યંત્ર રોબોટીકસ' લેબમાં વિદ્યાર્થીઓને ટેકનોલોજીથી અવગત કરાવવામાં આવ્યા હતા.



વર્કશોપમાં ધોરણ-૧૨ સાયન્સ પાસ આશરે ૧૦૦થી વધુ વિદ્યાર્થીઓને વિવિધ પ્રકારના રોબોટસ, ડ્રોન, સીમ્યુલેશન ટેકનોલોજી વિશે માર્ગદર્શન આપીને પ્રોજેકટસ ડેવલોપ કરાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત, દરેક વિદ્યાર્થીઓએ વાયર તેમજ વાયરલેસ એટલે કે સેન્સર બેઝ રોબોટસ બનાવ્યા હતા. ત્યારબાદ વિવિધ કોમ્પીટીશનમાં આ રોબોટસને ઉતારવામાં આવ્યા હતા. જેમાં રોબોવોર અને રોબોરેસનો સમાવેશ થાય છે.

આ વર્કશોપનો હેતુ ટેકનીકલ શિક્ષણમાં પગલા માંડનારા આજના યુવાનોને ટેકનોલોજી બાબતે અવગત કરાવી આવનાર સમયમાં રોબોટીકસ અને આર્ટીફીશીયલ ઈન્ટેલીજન્સ, વાયરલેસ ટેકનોલોજી, ઈલેકટ્રોનીકસ અને એડવાન્સ કોમ્યુનિકેશન ટેકનોલોજી વિશે માહિતી આપવાનો હતો.

આ કાર્યક્રમમાં સંસ્થાના ડાયરેકટર પ્રો. ધર્મેશ વંડરાએ જણાવ્યું હતું કે આજના રોજિંદા જીવનમાં રોબોટીકસ કે કોમ્યુનિકેશન વિના ડિઝીટલ ઈન્ડિયા કે સ્માર્ટ ઈન્ડિયા શકય નથી તેમજ આવનારા સમયમાં આ ક્ષેત્રે રોજગારીની વિપુલ તકો રહેલી છે. હાલના સમયમાં ભારત સરકાર પણ આ વિષય પર વિશેષ સંશોધન કરી રહી છે. જેમાં દેશની સુરક્ષા અને સીમા રેખા પર આ ટેકનોલોજી વિશેષ ઉપયોગી સાબિત થશે તેવી આશા વ્યકત કરાઈ હતી.